ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા.૧૪.૦૨.૨૦૧૮

---

**પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલની ઉપસ્થિતિમાં ભાજપા પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ગાંધીનગર ખાતે "સરપંચ અભિવાદન સમારોહ" યોજાયો**

---

**૭૫ ટકાથી પણ વધુ ભાજપા સમર્થિત સરપંચોને વિજયી બનાવીને ગ્રામીણ જનતાએ ભાજપાની ખેડૂતલક્ષી અને વિકાસલક્ષી નીતિઓને વધુ એક વખત મંજુરીની મહોર મારી છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

---

**ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓમાં સતત છઠ્ઠી વખત હારનાર કોંગ્રેસને ફરી એક વખત ગુજરાતની જનતાએ જાકારો આપ્યો છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

---

**સરકાર ખેડૂતોની સાથે છે, ભાજપાની કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનું લક્ષ્ય ગામડું છે. ગામડું સુખી, ખેડૂત સુખી તો દેશ સુખી. તે વિચારને લઇને સરકાર કાર્યરત છે – શ્રી વિજયભાઇ રૂપાણી**

---

**૨૨-૨૨ વર્ષોથી ભાજપાએ પ્રજાનો વિશ્વાસ જાળવ્યો છે. ભાજપાની મતની ટકાવારી પણ વધી છે ત્યારે, આગામી નગરપાલિકાઓ અને જીલ્લા પંચાયતોની ચૂંટણીઓમાં પણ ભાજપાનો ભવ્ય વિજય નિશ્ચિત છે – શ્રી વિજયભાઇ રૂપાણી**

---

**ગ્રામ પંચાયતની ચૂંટણીઓમાં મોટા ભાગે તમામ ગામડાઓમાં ભાજપાના શુભેચ્છક, સમર્થક કે કાર્યકરો સરપંચ અને સભ્યો તરીકે ચૂંટાયા છે જે દર્શાવે છે કે ગ્રામીણ પ્રજાને ભાજપાની વિકાસલક્ષી નીતિઓમાં સંપૂર્ણ ભરોસો છે – શ્રી નીતિનભાઇ પટેલ**

---

ભાજપા મીડિયા સેલની એક અખબારી યાદી જણાવે છે કે, પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલની ઉપસ્થિતિમાં આજરોજ ભાજપા પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ગાંધીનગર ખાતે "સરપંચ અભિવાદન સમારોહ" યોજાયો હતો. જેમાં તાજેતરમાં યોજાયેલ ૧૪૪૨ ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં ૭૫ ટકાથી વધુ ભાજપા સમર્થિત ચૂંટાયેલા સરપંચો તેમજ સભ્યોનું બહુમાન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં રાજકીય રીતે મહત્વના વિસ્તારોમાંથી ચૂંટાયેલા ભાજપા સમર્થિત સરપંચોનું પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ "ભારત માતા કી જય" ના જયકાર સાથે ચૂંટાયેલા સૌ સરપંચો અને સભ્યોને હર્ષભેર વધાવી જણાવ્યું હતુ કે, ભાજપાની સરકારો ગામડાઓની સર્વાંગી સુખાકારી, ગામડામાં પણ શહેર જેવી સુવિધાઓ અને ખેડૂતો વધુ સમૃધ્ધ થાય તે માટે કાર્યરત છે. ૭૫ ટકાથી પણ વધુ ભાજપા સમર્થિત સરપંચોને વિજયી બનાવીને ગ્રામીણ જનતાએ ભાજપાની ખેડૂતલક્ષી અને વિકાસલક્ષી નીતિઓને વધુ એક વખત મંજુરીની મહોર મારી છે. જ્યાં જ્યાં કોંગ્રેસના ધારાસભ્યો ચૂંટાયા છે તેવા વિસ્તારોના ગામડાઓમાં પણ ભાજપા સમર્થિત સરપંચો ચૂંટાયા છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓમાં સતત છઠ્ઠી વખત હારનાર કોંગ્રેસને ફરી એક વખત ગુજરાતની જનતાએ જાકારો આપ્યો છે.

શ્રી વાઘાણીએ જણાવ્યું હતુ કે, ૧૯૯૫ પહેલા કોંગ્રેસના શાસનમાં ગામડાઓમાં શું સુવિધાઓ હતી ? અને આજે શું સુવિધાઓ છે ? આ બંનેના તફાવત વચ્ચે ભાજપાની વિકાસગાથા સમાયેલી છે. કોંગ્રેસ શાસનમાં પાયાની સુવિધાઓથી વંચિત ગામડાઓમાં પીવાનું શુધ્ધ પાણી પણ ઉપલબ્ધ નહોતું. ગામડાનો માણસ શિક્ષિત ન બને અને પીડિત-શોષીત રહે તે પ્રકારની નીતિઓ કોંગ્રેસની હતી. જ્યારે ગુજરાતમાં ભાજપા સરકારના તમામ મુખ્યમંત્રીશ્રીઓએ અથાગ પરિશ્રમ કરી ગામડાઓના વિકાસને નવી ઉંચાઇએ પહોચાડ્યો છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી ગામડું, ગરીબ અને ખેડૂતલક્ષી નીતિઓ દ્વારા "સમૃધ્ધ કિસાન-સશક્ત ભારત" ના મંત્ર સાથે રાત-દિવસ અથાગ પરિશ્રમ કરી રહ્યા છે. રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહના નેતૃત્વમાં ગામડાઓના સર્વાંગી વિકાસ અને સમૃધ્ધિ માટે ભાજપા સંગઠન અને સરકારો સાથે મળીને કાર્ય કરી રહી છે ત્યારે, ગુજરાતમાં પણ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વમાં ગ્રામીણ ક્ષેત્રોના વિકાસ માટે કૃષિ અને ખેડૂતલક્ષી યોજનાઓને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

માન.મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ નવા ચૂંટાયેલા સરપંચો અને સભ્યોને શુભેચ્છા સાથે અભિનંદન આપ્યા હતા. તેમણે જણાવ્યું હતુ કે, સરપંચની ચૂંટણી જીતવી અઘરી છે કેમ કે, નાનું ગામ હોય, ઓછા મતદાર હોય, આવી સ્થિતિમાં જે વ્યક્તિ રાત-દિવસ પ્રજા વચ્ચે રહી સેવાકાર્ય કરતો હોય તેવા વ્યક્તિ જ ચૂંટાતા હોય છે. આવી અઘરી કસોટીમાંથી પાર પડીને તમે ચૂંટાયા છો તેથી સૌને લાખ-લાખ અભિનંદન.

શ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું હતુ કે, જુઠ્ઠાણાઓ ફેલાવી ગ્રામ્ય પ્રજાને ગેરમાર્ગે દોરવાના કોંગ્રેસના પ્રયત્નો સફળ થયા નથી. ગામડાઓમાં ૭૫ ટકા જેટલા ભાજપા સમર્થિત સરપંચો ચૂંટાયા છે. ગુજરાતમાં સતત છઠ્ઠી વખત ભાજપાની સરકાર બની છે. ૨૨-૨૨ વર્ષોથી ભાજપાએ પ્રજાનો વિશ્વાસ જાળવ્યો છે. ભાજપાની મતની ટકાવારી પણ વધી છે ત્યારે, આગામી નગરપાલિકાઓ અને જીલ્લા પંચાયતોની ચૂંટણીઓમાં પણ ભાજપાનો ભવ્ય વિજય નિશ્ચિત છે. દેશમાં વર્ષોથી કોંગ્રેસની સરકારો હતી ત્યારે, ભ્રષ્ટાચારમાં ડુબેલી કોંગ્રેસે ગામડાઓ અને ખેડૂતો માટે કશું નક્કર આયોજન કર્યું નહી. આજે કેન્દ્રની શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકાર ગામડાઓ અને ખેડૂતોના સર્વાંગી વિકાસ માટેની નીતિઓ બનાવે છે. આ વખતના કેન્દ્રીય બજેટમાં પણ ગ્રામીણ વિકાસ અને ખેડૂતોની સમૃધ્ધિ માટેની ખૂબ મહત્વની યોજનાઓ જાહેર કરી છે. ખેડૂતોને કૃષિ પેદાશોના ટેકાના ભાવોમાં પડતર કિંમત કરતાં દોઢ ગણું સમર્થન મુલ્ય નક્કી કરવાનો ઐતિહાસિક નિર્ણય મોદી સરકારે લીધો છે.

//૩//

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી વિજયભાઇ રૂપાણીએ અંતમાં તમામ સરપંચો અને સભ્યોને આહવાન આપતાં જણાવ્યું હતુ કે, સરકાર ખેડૂતોની સાથે છે, ભાજપાની કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનું લક્ષ્ય ગામડું છે. ગામડું સુખી, ખેડૂત સુખી તો દેશ સુખી. તે વિચારને લઇને સરકાર કાર્યરત છે. ત્યારે તમારા કોઇપણ પ્રશ્નો લઇને આવો સરકાર તેના નિરાકરણ માટે હરહંમેશ તૈયાર રહેશે.

નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે તેમના વક્તવ્યમાં ચૂંટાયેલા સરપંચો અને સભ્યોને અભિનંદન આપતાં જણાવ્યું હતુ કે, ગ્રામ પંચાયતની ચૂંટણીઓમાં મોટા ભાગે તમામ ગામડાઓમાં ભાજપાના શુભેચ્છક, સમર્થક કે કાર્યકરો સરપંચ અને સભ્યો તરીકે ચૂંટાયા છે જે દર્શાવે છે કે ગ્રામીણ પ્રજાને ભાજપાની વિકાસલક્ષી નીતિઓમાં સંપૂર્ણ ભરોસો છે. ગામડાઓના સર્વાંગી વિકાસ માટે ભાજપા સરકાર કટિબધ્ધ છે. જ્યાં સુધી ગામડાઓનો સંપૂર્ણ વિકાસ ન થાય ત્યાં સુધી ભાજપ સરકાર ગ્રામીણ વિકાસલક્ષી કાર્યો અવિરત ચાલુ રાખશે.

આ અભિવાદન સમારોહમાં પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયા, મહામંત્રીશ્રીઓ શ્રી ભરતસિંહ પરમાર, શ્રી મનસુખભાઇ માંડવીયા, શ્રી કે.સી.પટેલ, શ્રી શબ્દશરણભાઇ બ્રહ્મભટ્ટ, પ્રદેશ આગેવાનોશ્રી સુરેન્દ્ર કાકા, શ્રી આઇ.કે.જાડેજા, શ્રી ભાર્ગવભાઇ ભટ્ટ, શ્રી શંકરભાઇ ચૌધરી, પ્રદેશ મંત્રીશ્રી અમિતભાઇ ઠાકર, શ્રી હર્ષદગીરી ગૌસ્વામી, શ્રી જીવરાજભાઇ ચૌહાણ, શ્રી પ્રદિપસિંહ વાઘેલા તેમજ કેન્દ્રીય મંત્રીશ્રી જશવંતસિંહ ભાભોર, સાંસદ શ્રી જયશ્રીબેન પટેલ, રાજ્ય સરકારના મંત્રીશ્રી કૌશીકભાઇ પટેલ, શ્રી જયદ્રથસિંહ પરમાર, શ્રીમતી વિભાવરીબેન દવે, શ્રી વાસણભાઇ આહિર સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર - મીડિયા વિભાગ